ॐ

પારસી ઈમ્પીરીયલ નાટક મંડળી.

સંસાર—નૌકા.

નાટકનાં ગાયનો અને ટુંક સાર.

છપાવી પ્રસીદ્ધ કરનાર.
પારસી ઈમ્પીરીયલ નાટક મંડળીના માલેકો,
મુંબઈ.

ડાયરેકટરઃ—મી૦ જોસેફ ડેવીડ.

લેખકઃ—'ચાયદા.'

આ પુસ્તક "તત્ત્વવિવેચક પ્રેસ"માં છાપ્યું છે.

આવૃત્તિ ૧ લી.

૧૯૨૧.

કિંમત ચાર આના.

સંસાર—નૌકા.

નાટકની રૂપરેખા.

પરમાત્માની ઇચ્છાથી જે અનેકવીધના લોકો નીર્માણ થયાં તેઓમાં આ મૃત્યુલોકનું મહત્વ સઉથી વીશેષ છે. આ મૃત્યુ લોક એટલેજ કર્મભુમી. કર્મયોગને લીધેજ આ જગતમાં જન્મ પ્રાપ્ત થાય છે. અને કર્માનુષ્ઠાનથીજ જીવનને પરમપદ પ્રાપ્ત થાય છે. ભુલોકપર ઉત્પન્ન થએલાં પ્રાણીઓમાંથી માત્ર મનુષ્ય કર્મયોગ સાધનથી આત્મકલ્યાણ સાધવા સમર્થ છે.

પણ આ કાર્યમાં માણુસે પોતાનું મનુષ્યત્વ જાણવાની અતી જરૂર છે. ઇહલોકમાં જે અનેક પ્રકારની ઉપભોગ વસ્તુઓ નીર્માણ થઈ છે, તે પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં મંડી રહેવું અને પ્રાપ્ત થએલ સુખદ વસ્તુઓનો ઉપભોગ લેતાં લેતાં જીવન પુરૂં કરી કાળના સ્વાધીન થવું એમાંજ મનુષ્યનું કર્તવ્ય સમાએલું છે, એવી કલ્પનાઓથી જેમનું અંતઃકરણ વ્યાપ્ત થએલ છે, તેમને આ જગત એટલે એશઆરામ અને સુખવિલાસાદીનું નિવાસસ્થાન ભાસે છે પણ આ એક ભ્રમ છે. માત્ર કાર્ય-કારણ ભાવપર નજર રાખી અહંભાવ અને દુરાભીમાન ત્યાગ કરી બુદ્ધિ અને સુજનતાથી જે કોઈ આ મૃત્યુલોકનો વીચાર કરશે તે સ્પષ્ટ સમજી શકશે કે આ કર્મભુમી આરામસ્થળ નથી પણ કર્તવ્ય પાલન કરવાની પવીત્ર ભુમી છે, અને તેમાં પ્રત્યેક મનુષ્ય સ્વધર્મ અને સ્વકર્તવ્યથી બંધાયેલો છે.

મનુષ્યના કર્માચરણમાં કર્તવ્યપરાયણતા એજ અંતમાં સતપરીણામકારક અને મંગલમય છે. આજ સુધી જે જે મહાત્માઓ થઈ ગયા છે, તેઓએ પણ એજ કહયું છે, અને આ કર્તવ્યનીષ્ઠાનો માર્ગ અતી પવીત્ર મહામંગલપદ તથા

સત્વપુર્ણ છે. આ માર્ગનું છેવટ સુધી આક્રમણ કરનાર સૌખ્યને પ્રાપ્ત થાય છે. એ નીર્વિઘ્ન સીધ્ધાંત છે. પણ જે કર્તવ્યથી વીન્મુખ થયો તેનાપર આ સંસારમાં અનેક આપત્તીઓ આવવાનીજ.

માતાપીતા, પુત્રકન્યા, બંધુબંધુ, બેહેનભાઈ, પતીપત્ની, ગુરૂશીષ્ય, સેવ્ય સેવક એવા કર્તવ્યના અનેક પ્રકારના સંબંધો પ્રમાણે દેવધર્મ અને સર્વ ભુતજાત એઓથી પણ મનુષ્યનો કર્તવ્ય સંબંધ છે; પણ સંબંધ હોવા છતાં પ્રત્યેક માનવ પોતાનુ કર્તવ્ય બજાવવા તદ્દન સ્વતંત્ર છે, કારણ કે પ્રત્યેકની કર્તવ્યરેખા જુદી જુદી હોય છે. પણ તેથી એમ નહી જાણવું કે એક અગર જો પોતાના કર્તવ્યથી વીમુખ થયો તેથી બીજાએ પણ પોતાના કર્તવ્યથી દુર થઈ જવું ? ના, એ વ્યાજબી કેહવાય નહી. પીતા પોતાનું પીતૃકર્તવ્ય ભુલી જાય તેથી પુત્રે પોતાના કર્તવ્યપર પાણી ફેરવવું, અથવા પતી પોતાના કર્તવ્યથી ઢળી જાય તેથી પત્નીએ સ્વકર્તવ્ય બંધનો તોડી નાંખવા, એ કોઈ કાળે વ્યાજબી કહેવાય નહી. જો એમ થાય તો કર્તવ્યનું ખરૂં મહત્વ નષ્ટ થઈ તેના સાત્વીક અનુષ્ઠાનના અમુલ્ય ફળમાં કાંઈ પણ અર્થ રહે નહી, માટે જેને પોતાનું કલ્યાણ કરી લેવું હોય તેણે સ્વધર્મ કર્તવ્યમાં તત્પર રહેવું એજ સાચો માર્ગ છે.

આ જગત સંસારના અનેક મોહપાશની જંજીરો તોડી જે મનુષ્ય સનાતન ધર્મપ્રણીત કર્તવ્ય તત્વોની પુઠ પકડે છે, તેનું જીવન સફળ થાય છે અને જે કર્તવ્યથી વીન્મુખ બને છે તેને અંતે પશ્ચાત્તાપ કરવાનો વારો આવે છે.

અમારા આ નાટકમાં એક **શ્રીમંત** જાગીરદારનો દીકરો પોતાના માત્ર એક કર્તવ્યથી વીન્મુખ થતાં અનેક કર્તવ્યનું બળીદાન આપી અંતમાં કેવી દયાજનક સ્થીતીએ પહોંચે છે તેનુ કરૂણાદૃશ્ય આપ્યું છેઃ—

સંસાર નૌકા નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

પ્રવેશ પહેલો—અન્નપુર્ણા દેવીનું મંદિર.

મંદિરની મુખ્ય પરીચારીકા મોહીનીના મનમાં સંસારસુખનો લાવ લેવા ઇચ્છા થવાથી તે દેવીની મુર્તિને વીનવી રહી છે એટલામાં જેનાપર મોહીની મોહાસક્ત છે તે મનમોહન સાથે મંદિર છોડી ચાલી જાય છે. તે પછી માતાની મુર્તિ સજીવન થાય છે અને મોહીનીના વસ્ત્રો પહેરી મોહીનીનાં કાર્ય પોતે કરે છે એટલામાં બીજી પરીચારીકાઓ આવે છે. દેવીને પુષ્પ માળા ચડાવવા જતાં દેવી સીંહાસનપર ન દેખાવાથી સઉ પરીચારીકાનો ગભરાટ. દેવીરૂપે કાર્ય કરતી મોહીનીપર સઉને શક જાય છે. જેથી તેને મુત્યુની શીક્ષા કરવા શીક્ષાગૃહમાં લઇ જાય છે. સીન ટ્રાન્સફર—શીક્ષાગૃહ—બલીદાન માટે મોહીનીરૂપે દેવીને અગ્નીકુંડમાં હોમવાની તઇયારી—ત્યાં આકાશવાણી થાય છે—શીક્ષાગૃહ સ્વર્ગના ઉદ્યાનમાં ફેરવાય છે—સઉ પરીચારીકાઓ મોહીનીને પવીત્ર અને નીર્દોષ માની વંદન કરે છે.

પ્રવેશ બીજો:—મનમોહનના પિતા રામસ્વરૂપનું ઘર.—

મનમોહન મોહીની સાથે લગ્ન કરી પિતા પાસે આવે છે, પિતાનો આનન્દ—મોહનની માતાનો વાસ્તવિક શોક.

પ્રવેશ ત્રીજો—રેલવે હોટેલમાં વજીર ચાચા અને પુરાણી મહારાજમાં ઓળખાણ નંતર માણેકલાલના ઘરે જલસામાં જવું.

પ્રવેશ ચોથો—માણેકલાલના ઘરમાં જલસા—શ્યામાને પોતાની દીકરી તરીકે ઓળખે છે.

પ્રવેશ પાંચમો—શામળદાસનું ઘર-રમણી-રમાનાથમાં પુરાણીની વાતચીત.

પ્રવેશ છઠો—રામસ્વરૂપના ઘરનો ભવ્ય બગીચો-વસંતનો આનન્દ-લક્ષ્મી આવી મોહનને મોહીનીને ઘરકામ શીખવવાની સુચના કરે છે. માં દીકરામાં તકરાર-રામસ્વરૂપ દીકરાની કઠોર રીતી જોઇ તેને ઘરમાંથી રજા આપે છે.

અંક બીજો.

પ્રવેશ પહેલો—શ્યામાનુ ઘર-શ્યામાની જાળમાં ફસેલો મનમોહન-રંગરાગ થવા પછી હીરાનું આવવું પરસ્પરના દુઃખની કહાંણી-માતાના અત્યાચારથી થયેલી અવદશા માટે શ્યામાનો કરૂણ વીલાપ-માતાને ઘરમાંથી હાંકી કાઢવી.

પ્રવેશ બીજો—મોહનનુ ઘર-મનમોહન અને મોહીનીમાં કર્ત્તવ્યપર વાદવીવાદ-પાછળથી માતાના મરણના સમાચાર-મોહીનીનો શોક-મોહીનીને છોડી મનમોહનનું વેશ્યાના ઘરે જવું.

પ્રવેશ ત્રીજો—બગીચો-કાન્તા કીશોરમાં આનન્દ.

પ્રવેશ ચોથો—રામસ્વરૂપને મનમોહને વેશ્યા રાખી છે એવી ખબર મળે છે. રામસ્વરૂપ મોહીની પાસે જાય છે.

પ્રવેશ પાંચમો—શ્યામાને ખબર મળે છે કે મનમોહનને સ્રી છે, આથી તે બહુજ દુઃખી થાય છે. મનમોહન આવે છે જેને શ્યામાં તુચ્છકારી ઘરમાંથી બ્હાર કાઢે છે. મનમોહન ઉશકેરાઇ ચાલ્યો જાય છે બાદ મનમોહનની સ્રીની દશા જોવા શ્યામા તેના ઘરે જાય છે.

પ્રવેશ છઠ્ઠો—શામળદાસનુ ઘર.

પ્રવેશ સાતમો—મોહીની અને શ્યામાની મુલાકાત. શ્યામા હવે મોહનને રૂપીયા આપવાની ના પાડે છે- મોહન આવે છે. રૂપીયાની માંગણી–મોહીનીને મોહન મારવા તઇયાર થાય છે. શ્યામા વચમાં પુરાય છે જેથી મોહન શ્યામાને ઠાર કરે છે. પાછળથી રામસ્વરૂપ આવી મોહીનીને પોતાના ઘરે લઇ જાય છે.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો—કાંતીલાલનુ ઘર–નામ બદલી આવેલો મોહન મદીરા પીવા બેઠો છે. ત્યાં પોલીસ પકડવા આવે છે મોહન નાસી જાય છે.

પ્રવેશ બીજો—રામસ્વરૂપનુ ઘર–પીતાના ઘરમાં મોહનનુ પકડાવું.

પ્રવેશ ત્રીજો—શામળદાસનુ ઘર–રમણી શામળદાસને પુરાણીનુ પાખંડ બતાવવા શયનગ્રહમાં લઈ જાય છે.

પ્રવેશ ચોથો—કોર્ટમાં મોહનને જન્મદેશનીકાલની સજા થાય છે.

પ્રવેશ પાંચમો—શામળદાસનુ ઘર–શયનગ્રહમાં પુરાણીનુ પોકળ જાહેર થતાં પુરાણીને ઘરમાંથી મારી કાઢી મુકવામાં આવે છે.

પ્રવેશ છઠ્ઠો—અન્નપુર્ણાનુ મંદિર–મોહીનીનુ મંદિરમાં દુ:ખી દશાથી દાખલ થવુ. પ્રથમ જેવીજ મંદિરની સ્થીતી જોઈ મોહીનીને આશ્ચર્ય થાય છે. પરીચારીકાઓ બનેલા બનાવનો સવીસ્તર ખુલાસો કરે છે. મોહીનીની શંકા વધે છે. શું પોતે મંદિર છોડયુંજ નથી? દેવી સજીવન થઈ ખરી હકીકત પ્રગટ કરી કર્તવ્ય કર્મનો ઉદ્દેશ સમજાવે છે. કર્તવ્ય ભુલવાથી કેવું પરીણામ આવે છે તે મુખ્ય આદર્શથી નાટકની પુર્ણાહુતી થાય છે.

નાટકના મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ.

રામસ્વરૂપ ....એક જાગીરદાર.
દીનાનાથ...............................લક્ષ્મીનો ભાઇ.
શાંતીપ્રસાદ ....પંડીત.
મનમોહન...............................રામસ્વરૂપનો દીકરો.

માણેકલાલ
કાલીદાસ
વજીર ચાચા
રાસુ
} કુસંગી મીત્રો

પુરાણી...............................એક દાંભીક કથા કરનાર
શામળદાસ ....ભોળો ગ્રહસ્થ.
વલ્લભ.................................તેનો દીકરો.
રમાનાથ...............................રમણીનો ભાઇ.
કીશોર.................................કાંતાનો પતિ.

સ્ત્રી વર્ગ.

દેવી...................................અન્નપુર્ણા શક્તિ.
લક્ષ્મી.................................રામસવરૂપની સ્ત્રી.
મોહીની ....મંદીરની પરીચારીકા પાછળથી
મનમોહનની સ્ત્રી.
હીરા........................માણેકલાલના અત્યાચારનો
ભોગ થયેલી વીધવા.
શ્યામા......................અત્યાચારથી થયેલી હીરાની
દીકરી વેશ્યા.
રમણી.................................શામળની સ્ત્રી.
કાન્તા.................................તેની દીકરી.
ચંદા...................................તેની દાસી.

નાટકનાં ગાયન.

મંગળાચરણ.

૧

દાતા ભવ ભય હારી, ત્રાતા તુજ ગતી ન્યારી,
લીલા જગે વીસ્તારી ! પીતામ્બર પટધારી.
મોક્ષપતી હે મુરારી.
શચદા થઇ ચરણે નમું, કામ પ્રથમ ઘનશ્યામ,
યશદાઈ કર ઈશ્વરા, ઘટ ઘટના આરામ.

૨

પરીચારીકા—માતા જગજનનીને નમીએ.
જુઠી જંજાળો સ્વપ્ન આવ્યું ગણીએ.
ભીડભંજન ભયહારીણી શાંતીરૂપ સુખકાર,
અન્નપુર્ણા મા એક તું છે આદ્ય શકિત અવતાર.
તારનાર એક દેવી ભજીએ.

૩

બધા—સ્વીકારી બળી થા પ્રસન્ન !
ધર્મ, નીતી ભ્રષ્ટ કરી, કર્યું પાપમય જીવન.
કુલટા લાંચ્છીની આ શંખણી ભુલી ભાવના,
દેવી નષ્ટ કરી કષ્ટ દીધું ખોઈ નામના.
આકાશવાણી—નીર્મળ જેની ભાવના ઉત્તમ આપ ચરીત્ર,
મંગળ કર છે મોહીની અંગે અંગ પવીત્ર.
નીજ માતાના મોહીની કરશે ઉજવળ કાજ,
એથી મુર્તી માતની અલોપ થઈ છે આજ.

૪

શાંતીપ્રસાદ—રસના ભજતારક ભાવ ધરી,
ભાવ ધરી રસ રૂપ હરી.
આ ભવસાગર પાર ઉતરવા મોક્ષપદે નીર્વાધ્ને
વીરમવા,
ગુણ સગુણ ગુણગાન કરી.

૫

શાંતીપ્રસાદ—રહે નારીના મમતમાં અરે આજના યુવાન,
તારૂણ્ય પ્રભાવ આજ ભુલવે વીવેક જ્ઞાન.
પ્રણય પવને યોવનમાં મદ ભરાએ,
યુવક યુવતીને જોઈ અંધ થાએ,
રે દીન રજની ગુણ વ્હાલીનાજ ગાએ,
તુચ્છ મનમાં સઉ જગત આ જણાએ,
વીસરે તમામ વાત, કોણ માત કોણ તાત !

૬

શ્યામા—શ્યામ ઝુલે હીંડોલા કુંજનબનમે !
કુંજનબનમે મધુબનમે.
લતાએં પુષ્પોંકો ઝુલેમે કયા ઝુલાતી હંએ ?
પવનકે ઝોંકોમે કયેસી સુગંધ આતી હએ ?
ચમનમે ઝુમકે શાખેં સમા દીખાતી હંએ !
મદનકો ગોદમે લેકર એહ સબ રમાતી હંએ!
બસ ગઈ સાંવરી સુરત એહ નયનનમે ! !

૭

નઓચી—આયેંન કોઇ અબરૂએ ખમદારકે આગે,
ઝુકતી હએ કજાભી ઇસી તલવારકે આગે,
તકતે હંએ વોહ ઉશ્શાકકો ગુસ્સેકી નીગાહસે,
મકતુલોંકી સફ બએઠી હએ ખુંખારકે આગે.

શ્યામા—સંભલકર વોહ રહવે જો હંય ઉલફત કાબીલ,
આશક કામીલ, એહ નીગાહે હંયે કાતીલ
કર દેતી હંએ એહ બીસમીલ,

નઓચી—તબર લીએ હુવે અબરૂ ચઢે હંયે મકતલમે
કોઇ આય,

શ્યામા—ચીતવન લેગી હર નએ દીલકો, કીસીકા દીલ
લલચાય,

નવ્યાચ્યા—અનોખો છબ હુએ, ચંચલ ગજબ હુએ,
નયના તો કોઇ મીલાય.
શ્યામા—દેખલે બશર મેરે હુનર.

૮

છોકરીઓ—બ્હેન વ્હાલી આ વેલીઓ વસંતને રીઝવતી,
કળી ખીલતી આનન્દ ધરી આજ રહી ભમરથી.
પુષ્પ વાસ પાસે જતાં આપે ઉમંગની,
રૂતુ નવ યૌવનમાં અતી મદ રસ ભરતી.
ઝીણી ઝીણી પાંખડી ઉઘડી ઉઘડી પમરતી,
ત્યાં મારી ડંખનો માર મધુકર તેને વીંધતા.
ભોળી કળી બીચારી શું કરેરે મુગ્ધ યૌવન ઉછાળા મારતી ?

બ્હેની વસંતની આગ રે હૃદય આખાને પ્રજાળતી,
તાણી તાણી આ બાંધી કંચુકી રે મદનના જોરે તુટી જતી.

અંગ અંગ ભર્યો રતીરંગ ને આલીંગી પ્રીય સંગમાં,
પીએ સુધારસ સાર હંસી હંસીને કનકાવળી.

પગલે પ્રભાશીએ પ્રગટાવતી.
હઇયાના હીંડોલે મંદ હાસ્ય લઇ લાવા આજ અલબેલી વસંતને વધાવીએ.

મધુર મધુર શબ્દે વ્હાલાને સખી લલચાવા.
સ્નેહી ભુજામાંહે હીંચી હીંચી હરખાવા.
કુસુમ ધનુષસર કુસુમના, કુસુમ ધનુર ધરનાર,
કુસુમ હૃદયપર કુસુમથી, કરે કુસુમના પ્રહાર;
કુસુમપતી મંગળ કરો.

૯

શાંતિપ્રસાદ—ભલે બહુ ભાવથી શીખે શીખેલું વ્યર્થ તે જાએ
કરે મહેનત છતાં સોનુ ઘશ્યું તે ધુળ થઇ જાએ
લખ્યું વાંચ્યુ ભણ્યા ભુગોળ ને ઇતિહાસ અવલોકયા,
વળી હીસાબ ગણુવામાં દીવસના દીવસો રોકયા.
અફળ એ જાણવું અંતર બધું છે ધુળપર લીંપણુ
નથી સદગુણ તો શીક્ષણુ નકામુ સર્વ કહેવાએ.

૧૦

શ્યામા:—કએસે કટેંગે દીન? પીયા ગએ પરદેસવા.
બીરહા અગ્ની સુલગી હુએ મોરે પ્યારે સાજન?
જવાનીકે હુંએ દીન શોહરતકે સામાં હોતે જાતે હુંએ.
ઉચકકે ચોર સીનેપર નીગેહબાં હોતે જાતે હુંએ.
વજીર ચાચા—કીસીસે આજ બીગડી હુએ જો વોહ સું
બનકે બએઠે હુંએ.
ભવેં તનતી હુંએ ખંજર હાથમે હુંએ
તનકે બએઠે હુંએ.
શ્યામા—મુઝે રૂસવા કરેગા એહ ઉભરા જોબન,
બડા સરકશ હુએ જાની દુશમન.
સાજન આયેં ગુજરે હમારે દીનરયન.

૧૧

શ્યામા—કાના રોકત હુએ ગગરીયા મએ તો નીર ભરન
કએસે જાઉં?
બારા બરસકી મોરી ઉમરીયા,
અનોખા જોબન અઓર પતલી કમરીયાં,
લાજનસે મર જાઉં મએ તો. પનીયા ભરન કએસે જાઉં?

૧૨

વજીર ચાચા—લલના લટકેથી લલચાવે ?
હીણુભાગી તેમાં ફ'સાએરે !
રાંડો રમતીયાળ પારકા પોતાંના કરે,
હઇયાં ફુટા હજારરે પાછું ફરી ના જુવે.
ઘેર સલુણી નાર ને રાંડોમાં રખડ્યા કરે.
પડે નારીના શ્રાપ તો તેથી તે નર્કે જશે.

૧૩

મોહીની—જનક જનનીના પુજ્ય સ્વરૂપને નાથ જનાર્દન જાણો.
એ ચરણોના ચરણામૃતને વીષ્ણુ પદી જળ માનો.
વજ્ર વપુ તમ કુન્દન કરશે પારસ તેને પ્રમાણો.

૧૪

કાંતા—ચકોરી નીશદીન ચાહે ચ'દ્ર, ચ'દ્રવીણુ ઘેલી તે ફરશે
રહેશે નહી દુધની માંહે માછલી જળવીણુ તરફડશે.
સરીતા શાંત થશે જ્યારે ઉછળતા સાગરને મળશે.
કોકીલા બેસી આમ્રની ડાળ વસ'તે કુહુ કુહુ કરશે.

૧૫

કાંતા—જાવો જાવો શાને ઉભા રહો પાસે ?
ઠગ વીદ્યા મેં જાણી તમારી. (૩)
ઠીક ફ'સાવા ધારી, બાળ કુ'વારી નારી.
કેડ વીહારી મુકી દયો મારી.
પાય પડો તોએ હું નહી બોલું,
બાઇ વર સાથે વાતો કેમ થાય ?

૧૬

કાંતા—મણી મોંઘા છો હઇયા હારના.
જોતાં આવે ઉમળકા પ્યારના.

કીશોર—સ્નેહ મુખડે શા અમી ઝરણા ઝરે ?
નેનમાં જાદુ કેવું જણાયે ભાન ભુલાવી
કર્યો વસતારા,

કાંતા—દીલ ચોરી લુંટારા લુટી મને આમ,
વાહવા કામણગારા કેવાં કરો કામ?

કીશો—લલના અંતર લઇને પછી શું વચને કરે છે
મુજને ઠાર ?

૧૭

શાંતીપ્રસાદ—જલ ગયા ચયનકા ઘર પલભી ન
આરામ હુવા,
જો કભી પહેલે ન જાના વોહ પરીણામ હુવા.
તુને અમૃતકે જો સાગરમે લગાયા ગોતા,
વીષ હર શ્વાસસે જલ હો ગયા નાકામ હુવા.
તું જો તડપા કીયા મછલીકી તરેહ લહરોંમે,
ઉસ અગમ પાનીમે આખીરકો તેરા ધામ હુવા.
તૃષ્ણામે જો કભી મેઘસે માંગા પાની,
ગીર ગઇ બીજલી તેરી આસપે કયા કામ હુવા?

૧૮

પુરાણી—સ્નેહભીની તેં કર્યો છે ઠાર એ મૃગનયની સ્નેહને
સ્વીકાર

તુ રઢીયાળી રાધા પ્યારી કાન કુંવર હું કાળો,
તન સરીતામાં સ્નાન કરાવી દેહ સફળ કર મારો.

રમણી—ભાન શાન ભુલીશું બેઠા મતી ગઇ કયાં મારી,
ઉપદેશક થઈ આપ બનો છો આવા અત્યાચારી ?

પુરાણી—તપ બળ મારૂં અર્પણ તુજપર તનમન નાખું વારી
શાંત હૃદય મારૂં કરવાથી મોક્ષ ગતી છે તારી.

રમણી—ધર્મી થઇને અધર્મ કરતાં ડર ઇશ્વરનો ધારો,
નર્કના કીડા ધર્મના ભક્ષક ધીક ધીક છે જનમારો !

રથા—મહફીલમ ઝુમતા જો જામે શરાબ આયા,
સુઝી વોહ મસ્તીયાં કે શબભર ન ખાબ આયા.
અઉરોંકો દેખતે થે પડદા ઉઠા ઉઠા કર,
હમપર નજર જો આઇ મુંહપર નકાબ આયા.
છુપકે રકીબસે વોહ આયે તો મુંહસે નીકલા,
કાંટોંસે છુપકે છુપકે મેરા ગુલાબ આયા.
થી આરજુ કે ઉનસે હમભી કભી મીલેંગે,
કાતીલ વોહ બનકે બયઠે જબકે શબાબ આયા.

૨૦

મોહીની—દુખમાં શીદને મુંઝાએરે ? માયાના ભોગી !
દશરથે કૈકઇ વચને ખોયા રામને,
પુત્રો વનમાં ફરે, ખીતા ઝુરીને મરે.
સુખ દુખની આ છાંયા કોઇથી મટે નવ જગમાં,
લેખમાં જે લખ્યું તે થાએ રે—માયાના—

૨૧

રમણી—ધર્મી કાઢે ધર્મ નીકંદન કુકર્મ કુડાં કરે—પુરાણી.
મધુર મધુર બહુ વચનો ઉચ્ચારી યજમાનો વશ કરે રે,
ભકતી નામથી કરતાં ભવાડા ઇશ્વરથી નવ ડરે—પુરાણી.
મદભરી તરૂણી નજરે પડતાં દ્રષ્ટી તેપર ઠરે રે,
કથા વારતા કરવા કાજે જાતાં પાછળ ધરે.
મનગમતા મીષ્ટાનો ખાઇ મસ્તાના થઇ ફરે રે,
અધર્મી આવા ધર્મ ભક્ષકો દેશોદ્ધાર શું કરે ?

૨૨

બધા—તુટયો તારો તંબુરાનો તાર રે વાહ પુરાણી ?
ભજન અધુરૂં રહયું ભગવાનનું. અરે હાં પુરાણી
ભગવાનનું (૩)
લાડુનો નાસતો લેતો જા ખાતો જા.

તુરાણી—અરરરર મારી નાંખ્યો
તાર તુટતાં થયો તંબુરા બસાર છે,
જીવાળીમાં નહી હવે જીવજી (૩)
પટ્ટીઓ પડી પોંચી રે નખલીયું નામનુ--
તરડ પડી રે બાતલ તુંબડે અપાર છે,
લાગે નહી ફુટી જતાં વારજી (૩)
ખુંટીઓનું ખેંચાવું કાંઈ નહી કામનું


૨૩

મોહીની—કર્મ કથા શું કહું દેવી મુજ
આગ હૃદયમાં ભરી, શકતી—
મળ્યો સુકાની સારો સમજી 'સંસાર નૌકા' જડીરે,
એ નૌકાથી આ ભવ તરવા હર્ષે તે પર ચઢીરે.
તટપરથી આગળ ચાલી ત્યાં વીપત્તી મુજપર પડીરે,
દીશા સુકાની ભુલી બેઠો માતા પીતાથી લડીરે.
જુદા થાતાં વેશ્યા રાખીને મુને વમળમાં ધરીરે,
એ વેશ્યાને મારી તેણે ક્રોધ હૃદયમાં કરીરે.
સજા કરાવી મે શ્વામીને સાક્ષી આપી ખરીરે,
મુકી ઝુરતાં મુજ સસરાને અહીં આવી છું ફરીરે.

3 POINTS.

STEEL	STEEL	STEEL
1 OF ALL KINDS	2 OF ALL SIZES	3 FOR ALL PURPOSES

ARE (1) EFFICIENCY, (2) ECONOMY AND (3) PRODUCTION *your business ideals?*



If so, allow us to bring within your reach the benefit of our Principals experience.

Steel returns full value for its cost on only the three points, and therefore increase your stock by keeping the **RIGHT** STEEL.

(1) The Steel itself must be RIGHT.

(2) The quality of Steel must be RIGHT

(3) The treatment must be RIGHT.

(1) **RIGHT STEEL** means the **STEEL** of a make whose guarantee is relied upon.

(2) The **QUALITY** of **STEEL** means that the **STEEL** of the one right formula for each purpose is chosen.

(3) **RIGHT** Treatment means that each steel must be treated to the proper points and quenched in the one right way for its desired purpose.

We therefore request you to consult when you are in the Bazaar for **STEEL** or everything made in **STEEL**, and we shall be pleased to help you therein, as your trial will cost you nothing.

To ensure ABSOLUTE UNIFORMITY, all our Tool Steels are CRUCIBLE melted in the Coke Furnace.

LARGE STOCK HELD BY

ALLEN & Co.

Churchgate Street, BOMBAY No. 1.

Sole Representatives for India for

Messrs SAMUEL WARREN Ltd., Sheffield.